# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૧૧ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૦૯૪ પર પહોંચ્યો : એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૬૩૬૬ પર પહોંચી, જ્યારે ૮૫ વેન્ટીલેટર પર અને ૮૩૫૪૬ ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૫

કોરોનાનું સંક્રમણ આગળ વધતું અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેક પગલાઓ લેવામાં આવે છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કુલ ૭૨,૭૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત કોરોના મહામારીમાં ૨૪ કલાકમાં સુરતમાં સૌથી વધુ ૪ લોકોનું અવસાન થયું હતું અને રાજ્યમાં કુલ ૧૬ દર્દીઓ મોતને ભેટ્યા હતાં. જેથી મૃત્યુઆંક પણ ૩૦૯૪ થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૧૧ કેસ નોંધાયા હતાં. જેથી હવે રાજ્યમાં પણ કોરોનાનો કુલ આંકડો ૧૦૩૦૦૬ થયો છે. રાજ્યમાં રિકવરી રેટ પણ ૮૧.૧૧ થયો છે.

૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૨,૭૫૧ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૨૭,૦૮,૧૨૦ થયો છે. રાજ્યમાં ૧૩૧૧ નવા દર્દીઓ સામે ૧૧૪૮ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૮૩૫૪૬ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૧૯.૨૪ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૬૯,૫૧૯ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૬૯,૫૧૯ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૫,૬૭,૩૮૧ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે.

આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૬૩૬૬ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૫ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૨૮૧ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં કોરોના મહામારીના કારણે ૨૪ કલાકમાં રાજકોટ અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧, સુરત કોર્પોરેશનમાં ૨, વડોદરા અને મહેસાણામાં ૧-૧, સુરતમાં ૪, ગાંધીનગરમાં ૧, અમદાવાદ કોર્પોરેશન અને રાજકોટ કોર્પોરેશનમાં ૨-૨ મૃત્યું થતાં હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૦૯૪ થયો છે.

# ચિલોડા સર્કલ પર સી.આર. પાટીલના સ્વાગતની ઉત્સુકતા

ચિલોડા, તા. ૫

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સૌરાષ્ટ્રના પ્રવાસ બાદ ત્રણ દિવસ માટે ઉત્તર ગુજરાતના પ્રવાસમાં બનાસકાંઠા-પાટણ, મહેસાણા-ગાંધીનગર-સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની તબક્કાવાર મુલાકાતમાં ગાંધીનગર સરકીટ હાઉસથી પાંચમી સપ્ટેમ્બર સવારે ૧૧ વાગે ચિલોડા સર્કલ થઈ હિંમતનગર તરફ કાર દ્વારા પ્રસ્થાન કર્યુ હતુ. ચિલોડા સર્કલ પાસે અધ્યક્ષ સી.આર. પાટીલનું ચિલોડા-સાદરા ગાંધીનગરના ત્રિભેટે તેઓનું ભવ્ય સ્વાગત કરવાનું જિલ્લા-તાલુકાના ભાજપના પદાધિકારીઓ, હોદ્દેદારો, આગેવાનો દ્વારા પૂર્વ તૈયારીરૂપે મંડપની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ અનિવાર્ય સંજોગોને કારણે સ્વાગત કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ચિલોડા-ગાંધીનગર રોડ પર ભાજપના મહાનુભાવોના બોર્ડ લગાડવામાં આવ્યા હતા. પરંતુ સ્વાગત કાર્યક્રમ ચિલોડા મોકુફ બાદ જિલ્લાના સક્રિય આગેવાન સ્વાગત કાર્યક્રમ ઈન્ચાર્જ એસ.પી. ઠાકોર, જશુભાઈ પટેલ, યુવા નેતા જૈમિન પટેલ, ભીખાભાઈ પટેલ, નટુભાઈ પટેલ દ્વારા અધ્યક્ષ સી.આર. પાટીલની કાર અને સહયોગી ભાજપના મહાનુભાવો-કાર્યકરોનો કાફલો ચિલોડા સર્કલ ૧૧ વાગે આવતાં કાર્યકરોએ હાથમાં કમળ પ્રતિક અને બેનરો સાથે હાથ ઉંચા કરી આવકાર આપ્યો હતો. ત્યારબાદ ચિલોડાથી હિંમતનગર તરફ રવાના થયા હતા. આમ ચિલોડા સર્કલે જિલ્લા અને તાલુકાના ભાજપના આગેવાનો-કાર્યકરો ઉત્સુક સાથે ભવ્ય સ્વાગત કરવા પૂર્વ તૈયારીરૂપે જહેમત ઉઠાવી હતી.



# ગુજકેટની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયુ

## એ ગ્રુપમાં કુલ ૫૦ હજાર ૬૬૧એ પરીક્ષા આપી જ્યારે બી ગ્રુપમાં ૭૬ હજાર ૫૭૫ વિદ્યાથીઓ પરીક્ષા આપી

આજે શનિવારે ઓનલાઈન ગુજકેટનું પરિણામ જાહેર થઈ ગયુ છે. વેબસાઈટ પર પરિણામ મુકવામાં આવ્યું છે. હાલ માર્કશીટનું વિતરણ કરવામાં નહીં આવે. ઉલ્લેખનીય છે કે, ગત ૨૪ ઓગસ્ટના રોજ ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં કુલ ૧ લાખ ૨૭ હજાર ૬૦૦ વિદ્યાથીઓએ પરીક્ષા આપી હતી. એ ગ્રુપમાં કુલ ૫૦ હજાર ૬૬૧ વિદ્યાથીઓ પરીક્ષા આપી હતી. જ્યારે, બી ગ્રુપમાં ૭૬ હજાર ૫૭૫ વિદ્યાથીઓ પરીક્ષા આપી હતી. તો એબી ગ્રુપમાં કુલ ૩૮૨ વિદ્યાથીઓએ પરીક્ષા આપી હતી. ૨૪થી ૨૭ ઓગસ્ટ સુધીમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨,૮૨,૯૬૧ વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. કોરોનાના કહેર વચ્ચે યોજાનારી આ માધ્યમિક શિક્ષણ બોર્ડની આ સૌથી મોટી પરીક્ષા બની રહી હતી. જે માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહિ, પરંતુ શિક્ષણ બોર્ડ અને સરકાર માટે પડકારરૂપ હતી. ગુજકેટ અને જેઈઈની પરીક્ષાના પરિણામમાં વિલંબના કારણે એસીપીસી એ ડિગ્રી ઈજનેરી, ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીની બેઠકો પરની પ્રવેશ માટે રજિસ્ટ્રેશનનો સમયગાળો વધારવામાં આવ્યો છે. પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ ૫ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ છે. ૫૫ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશનમાં સુધારો અથવા રજિસ્ટ્રેશન દરમિયાન જાતિ, નોન ક્રિમિલેયર, આવકનું પ્રમાણપત્ર ન રજૂ કર્યુ હોય તેવા ઉમેદવારો જરૂરી પ્રમાણપત્ર સબમિટ કરી કેટેગરીમાં સુધારો કરાવવા સહિતના ફેરબદલ કરી શકશે. જરૂરી તમામ ડોક્યુમેન્ટસ ૫મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યા સુધીમાં ઈમેલથી મોકલવાના રહેશે.

## બનાસકાંઠામાં કોરોનાના ૮ પોઝિટિવ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના વધુ ૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૪૨ પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં શનિવારે વધુ ૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૪૨ પહોંચી ગઈ છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, કાંકરેજ ૧, ડીસા ૪, વડગામ ૧, ભાભર ૧ અને દિયોદર ૧ મળી કુલ ૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમને સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## મનરેગામાં ગેરરીતિ આચરનારા પર કાર્યવાહી

# બાલુન્દ્રાના તલાટી સસ્પેન્ડ, સરપંચને નોટિસ અપાઈ

## પાલનપુરના સલેમપુરામાં જેલના કેદીને મજૂર દર્શાવી તેના નામે રૂપિયા ચુકવનાર સામે પોલીસ ફરીયાદ દાખલ કરાશે

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા અને પાલનપુર તાલુકાના સલેમપુરા તથા કુંભાસણ ગામમાં મનરેગા યોજનામાં ગેરરીતિ આચનાર વ્યક્તિઓ, કર્મચારીઓ અને સરપંચ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે તેમ જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયાએ મિડીયાને મુલાકાત આપતાં જણાવ્યું હતું. ડીડીઓએ કહ્યું કે બાલુન્દ્રા ગામમાં મનરેગા ગેરરીતિ અંગેના સમાચાર મળતાં તા.૩/૦૮/૨૦૨૦ના રોજ પોલીસ ફરીયાદ દાખલ કરાઈ હતી એની તપાસ ચાલી રહી છે. આ તપાસ દરમ્યાન ધ્યાનમાં આવ્યું છે કે બે મરણ પામેલ વ્યક્તિઓના નામે તેમના ખાતામાં નાણાં ચુકવાયા છે. આ કિસ્સામાં જવાબદાર તલાટીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સરપંચને પંચાયત અધિનિયમના સેક્શન- ૫૭ હેઠળ હોદ્દા પરથી દૂર કરવાની નોટીસ આપવામાં આવી છે તથા ગ્રામ રોજગાર સેવક અને મેટની કામગીરી કરતાં બે કર્મીઓને છુટા કરી તેમની સેવાઓ સમાપ્તત કરવામાં આવી છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મજુર દર્શાવી તેમના ખાતામાં નાણાં ચુકવાયા છે તેવી બાબત પણ ધ્યાનમાં આવી છે તેની પણ તપાસ કરી કાર્યવાહી કરાશે. ડીડીઓએ જણાવ્યું કે, પાલનપુર તાલુકાના સલેમપુરા અને કુંભાસણ ગામમાં મનરેગા યોજનામાં કોભાંડ અંગે તપાસ કરવામાં કરવામાં આવી રહી છે. સલેમપુરા ગામના ડાભી મહેશભાઈ ચેલાભાઈ જે ૨૦૧૨-૧૩માં આરોપી તરીકે જેલમાં હતાં. તે સમય દરમ્યાન તેમને મજુર દર્શાવી તેમના નામે ચુકવણું કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બોડાણા તેજમલજી ચેલાજીના મરણ પછી પણ તેમને મજુર દર્શાવી તેમના નામે નાણાં ચુકવાયા છે. જેનું રેકર્ડ કબજે લીધુ છે તથા સલેમપુરા ગામની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. ગેરરીતિ આચરનારાઓ સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. મજુર કામ માટેની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની જ બને છે એમાં તાલુકા કે જિલ્લાકક્ષાના કોઈ અધિકારી કે કર્મચારી સામેલ હશે તો તેમની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયાએ મિડીયાને જણાવ્યું હતું.

### ૯૦૦ની નજીક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી અન્ય એક નાયબ સેક્શન અધિકારીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં છેલ્લા થોડાક દિવસોથી કોરોનાના કેસો સતત મળી રહ્યા છે તંત્રએ પણ સેક્ટરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન તેમજ કન્ટેનમેન્ટ ઝોનની અમલવારીને પણ કડક કરવાની સૂચનાઓ જારી કરી છે. સે. ૨૮ માં રહેતા અને કુડાસણ સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરતા એક ૨૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આશ્કા હોસ્પિટલમાં ટેકનીશ્યન તરીકે સેવાઓ આપતા અને સે. ૧ ૩માં રહેતા એક ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૪ માંથી એક ૪૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ખાતે રહેતી અને સચિવાલય સંકુલમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતી એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કે.ડી. હોસ્પિટલમાં ઓટો મિકેનીક તરીકે સેવાઓ આપતા અને સે. ૨૫ ખાતે રહેતા એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩ માંથી એક નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૮ વર્ષીય આ કર્મયોગીને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૪ માં રહેતા અને સચિવાલયમાં સામાન્ય વહીવટ વિભાગમાં વર્ગ-૨ ના અધિકારી તરીકે ફરજો બજાવતા એક ૫૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે એસ.જી.વી.પી.માં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૭૦૩ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. શહેરમાં ૬૫ થી વધુ દર્દીઓ હાલ હોમ આઈસોલેશન હેઠળ છે. શહેરમાં હાલ ૧૭૩ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### જમીનદોસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાયા છે. સે-૭, સે-૨૯ અને સે-૩૦ બાદ હાલ સે-૬ માં નવા આવાસો પણ બાંધવામાં આવી રહ્યા છે. જયારે જુના અને જોખમી મકાનો પણ ખાલી કરાવી તોડવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી જોખમી મકાનો તંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે. ત્યારે કોઈ જાનહાની ન થાય તે માટે આવા ભયજનક મકાનો ખાલી કરાવી તેનો કડુસલો કરી દેવા માટે પણ અગાઉ સર્વે હાથ ધરાયો હતો. સે-૬ માં જ-૧ કક્ષાનુ આવાસ શુક્રવારે સવારે ૯:૩૦ વાગ્યાના અરસામાં અચાનક જ કડડભુસ થતા પલવારમાં જ બ્લોક નં-૨૫ માટીના ઢેરમાં પથરાઈ ગયો હતો. સતત વરસાદના લીધે પણ માટી પોલાણના લીધે જોખમી બ્લોક બેસી ગયો હતો. જો કે તંત્ર દ્વારા પણ આ ભયજનક બ્લોક અગાઉ થી જ કોર્ડન કરી દેવાયો હતો જેના લીધે આ જોખમી બ્લોક આસપાસ કોઈ ફરતુ ન હતુ બ્લોક ધરાશાયી થતા સદનસીબે કોઈને પણ જાનહાની થઈ નથી. સે- ૬ નો આ ભયજનક બ્લોક આમ પણ તોડવાનો હતો પરંતુ કોર્ડન કરવામાં આવેલો આ બ્લોક વરસાદના અંતે અચાનક જ કડડભુસ થતા તંત્રના અધિકારીઓની ચિંતા પણ વધી હતી. તંત્રના અધિકારીઓએ પણ સ્થળ સ્થિતિનો અભ્યાસ કર્યો હતો. સે-૬ માં આ પ્રકારના જોખમી બ્લોક તોડવાનુ કામ પણ ઝડપથી પુર્ણ કરાશે.

### વધુ ૧૯ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળ્યા છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૫૩ વર્ષીય પુરૂષ, ૩૩ વર્ષીય મહિલા અને ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૩૯ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. હાલ ૧૭૧ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં આજે ૧૮,૮૪૧ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### દબાણો દૂર કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે આ દબાણો દુર કરવા માટે તંત્ર દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. ટુંકમાં જ દબાણો દુર કરવા માટે બુલડોઝર ફરતુ થશે. આ વિસ્તારમાં ગોકુલપુરાના અંદાજિત ૫૭૨ ઝુંપડા છે. જયારે આ પૈકી ૨૨૫ ઝુંપડાવાસીઓને કોલવડા સ્થિત આવાસ યોજનામાં મકાન ફાળવી દેવાયા છે. જયારે બાકી રહેતા ૩૫૦ થી વધુ ઝુંપડાના દબાણો દુર કરવામાં આવશે. આ વિસ્તારમાં હાલ ફાઈવ સ્ટાર હોટલના નિર્માણની કામગીરી પણ ચાલી રહી છે. વાવોલ ગાંધીનગર અને મહાત્મા મંદિર તેમજ હાઈટેક હોટલને જોડતા આ બ્રિજનુ કામ પણ અત્યંત મહત્વનુ બની રહ્યુ છે આવા સંજોગોમાં દબાણો ન હટતા લાંબા સમયથી કામગીરી પણ બંધ છે. બ્રિજનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ટુંકમાં હવે ઝુંપડા દુર થાય ત્યારબાદ એક છેડાનુ બાકી રહેતુ કામ પણ પુર્ણ કરી દેવાશે જેથી બ્રિજ શરૂ થઈ જશે.

# પ્રાંતિજ કોર્ટનો મહત્વનો ચુકાદો આવ્યો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પક્ષકાર તરીકે દૂર કરતો હુકમ : ૨૩ કરોડના વળતરના દાવા કેસમાથી વડાપ્રધાન મુકત : પ્રાંતિજ સિનિયર ડિવિઝન કોર્ટે મંજુર કરી

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા ખાતે ૨૦૦૨ના રમખાણોના ૨૩ કરોડના વળતર કેસમાથી પક્ષકાર માથી વડાપ્રધાને મુક્ત કરતી પ્રાંતિજ કોર્ટ. ૨૦૦૨ ના કોમી રમખાણો વેળાના બ્રિટનવાસીઓના ? ૨૩ કરોડના વળતર ના દાવાના કેસમાંથી વર્તમાન વડાપ્રધાન તથા તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનુ નામ કમી કરવાની અરજી પ્રાંતિજ સિનિયર ડિવિઝન સિવિલ કોર્ટે મંજૂર કરી છે. પ્રાંતિજ ના વડવાસા પાસેથી પસાર થતા બ્રિટનનાં નાગરિક ની હત્યા તથા લૂટફાટનો બનાવ બન્યો હતો. જેમાં બ્રિટન નિવાસી ઈમરાન દાઉદ, સિરિન દાઉદ વગેરેએ ? ૨૩ કરોડના વળતરનો કેસ કર્યો હતો. તેમાં પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવો કર્યો હતો. તે પૈકીના એક પ્રતિવાદી તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વળતરનો કેસ કર્યો હતો. જે કેસમાં નરેન્દ્રભાઈ મોદીને પક્ષકાર તરીકે દૂર કરવા અરજી કરી હતી. જે અરજી પ્રાંતિજ પ્રિ.સિ.જ્જ એસ.કે.ગઢવી સમક્ષ સુનાવણી થતા શ્રી મોદીને પક્ષકાર તરીકે દૂર કરતો હુકમ કર્યો છે.જયારે બાકીના પ્રતિવાદીઓ યથાવત રહેશે.તેમ કોર્ટે સૂત્રોએ જણાવ્યું છે.

### ચીનનો વિવાદ ગંભીર...

● પહેલા પાનાનું ચાલુ

કહ્યું કે, નરેન્દ્ર મોદી મારા મિત્ર છે અને તેઓ એક શાનદાર નેતા છે. તેઓ મુશ્કેલ સમયમાં પણ ખુબ સરસ રીતે કામ કરી રહ્યા છે. મોદી માત્ર નેતા જ નહીં એક સારા વ્યક્તિ પણ છે. ફેબ્રુઆરીમાં ભારત પ્રવાસનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે કહ્યું કે, તે ખૂબ સારી મુલાકાત હતી, ભારતના લોકો ખુબ સારા છે. ટ્રમ્પે મોદીના હ્યુસ્ટન હાઉડી મોદી કાર્યક્રમના પણ વખાણ કર્યા હતાં અને કહ્યું હતું કે, ભારત અને વડાપ્રધાન મોદી પાસેથી અમને ઘણો સપોર્ટ મળ્યો છે.

### વિશ્વમાં બીજા સ્થાને...

● પહેલા પાનાનું ચાલુ

મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૯૫૯૧ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮૪૬૩૯૫ એક્ટિવ કેસ છે. દેશમાં વધતા જતા કોરોના કહેર વચ્ચે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૦ લાખ ૨૩ હજાર થઈ ગઈ છે. આ સંક્રમિતોમાંથી ૮,૪૬,૩૯૫ લોકોની હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. જ્યારે ૩૧ લાખ ૭ હજારથી વધારે લોકો કોરોનાને મ્હાત આપવામાં સફળ થયા છે. પરંતુ રાહતની વાત એ છે કે સંક્રમિત એક્ટિવ કેસોની સંખ્યાની તુલનામાં સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ત્રણ ગણી વધારે થઈ ગઈ છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૬૬૦૮૮૨૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૭૪૩૫૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૨૬૬૦૮૮૨૫ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૮૦૨૬૧૨૨ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણની ગતિ ખુબ ઝડપી વધી રહી છે. ૩૦ લાખથી ૧૦ લાખ એટલે કે ૧૦ લાખનો વધારો થવામાં ૧૩ દિવસનો સમય લાગ્યો છે. તેની પહેલા ૧૦ લાખનો વધારો થવામાં ૧૬ દિવસ લાગ્યા હતા.

### ટેસ્ટિંગની જરૂર...

● પહેલા પાનાનું ચાલુ

રેપિડ એન્ટિજન ટેસ્ટ કરાવવો જોઈએ. એવા શહેરોમાં તો ખાસ જ્યાં કોરોનાનું સંક્રમણ ખૂબ વધારે ફેલાયું છે. સાથે સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે જે તે રાજ્ય પોતાની સુવિધા અને જરૂરિયાત પ્રમાણે આ નિયમમાં ફેરફાર કરી શકે છે. આઈસીએમઆર તરફથી એવી પણ સૂચના આપવામાં આવી છે કે, કોરોનાને ટેસ્ટ ને કારણે ડિલિવરી સહિત એક પણ ઈમરજન્સી મેડિકલ સેવા અટકવી ન જોઈએ. કોરોના ટેસ્ટિંગ સુવિધા ન હોવાને કારણે પ્રેગનેન્ટ મહિલાને બીજે મોકલવામાં આવે તે પણ ઈચ્છનીય નથી. સરકારના આદેશ બાદ લક્ષણ હોય કે ન હોય કોઈ પણ પોતાનો કોરોના ટેસ્ટ કરાવી શકે છે. આદેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જે લોકોએ છેલ્લા ૧૪ દિવસમાં કોઈ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરી છે, તેમનામાંથી લક્ષણો ન હોય તેવા મુસાફરોનો પણ ટેસ્ટ કરવામાં આવશે. જ્યારે હૉસ્પિટલોમાં ગંભીર એક્યૂટ રેસ્પિરેટરી ઈન્ફેક્શનથી પીડિત તમામ દર્દીઓની તપાસ થશે. આ સાથે જ હેલ્થકેર સેન્ટરમાં હયાત તમામ લક્ષણવાળા લોકોની તપાસ થશે. કોઈ બીજા રાજ્ય કે દેશની યાત્રા કરનાર માટે કોવિડ-૧૯ ટેસ્ટ નેગેટિવ હોય તે જરૂરી છે.

### રિમાન્ડ મંજુર...

● પહેલા પાનાનું ચાલુ

બસિતની મુલાકાત એક ફૂટબોલ ક્લબમાં થઈ હતી. જે બાદ બંને વચ્ચે બોલિવૂડની પાર્ટીઓમાં ડ્રગ્સ પહોંચાડવા માટે ડિલ કરતાં હતાં. એનસીબીએ મુંબઈની એક કોર્ટમાં જણાવ્યું હતં કે, સુશાંતની મોત મામલે ડ્રગ્સ કનેક્શનમાં ધરપકડમાં બાસિતે કહ્યું કે, તે શૌવિકનાં કહેવાં પર ડ્રગ્સ ખરીદતો હતો. મુંબઈ કિલા કોર્ટે ડ્રગ્સ મામલે શોવિક ચક્રવર્તી અને સૈમ્યુઅલ મિરાંડાને ચાર દિવસ માટે એનસીબીની કસ્ટડીમાં મોકલ્યા છે. કોર્ટ પાસે એનસીબીએ બંનેનાં ૭ દિવસનાં રિમાંડ માંગ્યા હતાં પણ કોર્ટે ચાર દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા છે. ૯ સ્પટેમ્બર સુધી શૌવિક અને સૈમ્યુઅલ એનસીબીનાં રિમાન્ડમાં રહેશે. મુંબઈની કિલા કોર્ટમાં શોવિક ચક્રવર્તી અને સૈમ્યુઅલ મિરાંડાનાં રિમાંડ પર સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. કિલા કોર્ટમાં જજ નિર્ણય લખવાનું શરૂ કરી દીધુ છે. ટૂંક સમમયાં જ આ મામલાનો નિર્ણ આવશે. એનસીબીની ટીમનો ગાળીયો રિયા ચક્રવર્તી પર કસાતો જઈ રહ્યો છે. સૂત્રો મુજબ, મની લોન્ડ્રિંગની તપાસ દરમિયાન કેન્દ્રીય તપાસ એજન્સીઓ રિયાનાં મોબાઈલથી એનડીપીએસ એક્ટમાં આવનારા ડ્રગ્સની સપ્લાય, સેવન અને તેનાં ખરીદ વેચાણમાં રિયાનો મોટો ભાગ હોવાનું સામે આવ્યું છે. આપને જણાવી દઈએ કે, તાપસ એજન્સીએ આ મામલાનાં મૂળ સુધી પહોંચવા માટે રિયાનાં ફોનનો ક્લોન તૈયાર કર્યો હતો. જેમાં ડ્રગ્સ સાથે જોડાયેલી તમામ માહિતી હતી.

### ગંદુ-ગોબરું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણેય વર્ષ પહેલાં ગુડા વિસ્તારમાં ૧૧ કરોડના ખર્ચે આઠ બગીચાઓનું નિર્માણ કરવાની યોજના બનાવી હતી પરંતુ આટલા વર્ષો પછી ગુડાએ માત્ર રાયસણમાં એક બગીચો બનાવ્યો છે. બાકીના બગીચાની ગ્રાન્ડ લેપ્સ ગઈ હોવાની સંભાવના છે. પ્રત્યેક ટીપી સ્કીમમાં એક બગીચાનું પ્લાનિંગ માત્ર ફાઈલમાં કેદ છે. ગુડાની ફુટપાથ પર લારીઓ અને પાર્કિંગ થઈ ચૂક્યાં છે તેથી લોકોને ચાલવાની જગ્યા મળતી નથી. ગાંધીનગરમાં ગુડાની રચના ૧૨મી માર્ચ ૧૯૯૬માં કરવામાં આવી હતી ત્યારપછી આ વિસ્તારમાં માર્ગોની મરામત થઈ નથી. માર્ગો જ્યારે તૂટે છે ત્યારે તેના પર ડામરના થીગડાં મારી દેવામાં આવે છે પરંતુ આખો માર્ગ બનતો નથી. કોન્ટ્રાક્ટરોની ખાયકીને કારણે નવો બનાવેલો માર્ગ છ મહિનામાં તૂટી જાય છે. હાલ ગુડામાં કોઈ પોલિટીકલ ચેરમેન નથી. બધો વહીવટ બે અધિકારીઓ સંભાળે છે પરંતુ તેઓ ગુડા વિસ્તારના વિકાસમાં ધ્યાન આપી શકતા નથી. આ વિસ્તારમાં બાગ-બગીચા, સરકારી દવાખાના, બાળકોને રમતગમતના મેદાન, પાર્કિંગના પ્લોટ્સ અને પોસ્ટઓફિસ જેવી કોઈ સુવિધા ઉભી કરવામાં આવેલી નથી. બિલ્ડરોએ ગુડાનો બેફામ વિકાસ કર્યો છે, જેમાં સરકારનું કોઈ નિયંત્રણ નથી. કોમર્શિયલ કોમ્પલેક્સમાં પાર્કિંગ ફરજીયાત હોવા છતાં પાર્કિંગની સુવિધા જોવા મળતી નથી. ગુડા વિસ્તારના ગામડાઓનો સમાવેશ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરવામાં આવ્યો છે. હવે નવી ચૂંટણી થશે ત્યારે ગુડા વિસ્તારના આ ગામડાઓ કોર્પોરેશનમાં ભળી જશે અને પ્રોપર્ટી ટેક્સ સહિતના અનેક ટેક્સ શરૂ થશે પરંતુ મૂળભૂત સુવિધા વિનાના આ વિસ્તારમાં હવે કોર્પોરેશન અને મેયરે પણ ધ્યાન આપવું જોઈએ. ગાંધીનગર શહેર કરતાં ૧૦૦ ગણી હોટલો ગુડા વિસ્તારમાં આવેલી છે. આ હોટલની ગંદકીના નિકાલ માટેની યોગ્ય સુવિધા ઉભી કરવામાં આવી નથી. જો અત્યારથી ધ્યાન નહીં અપાય તો કોમર્શિયલ કોમ્પલેક્સની પાસે રેસિડેન્સિયલ સ્કીમોમાં રોગચાળો ઘૂસી જશે અને લોકોને રહેવું દોઝખ બની શકે છે.

### ફુડકોર્ટમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. આ દુકાનોના રીનોવેશન માટે અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે. જયારે રીનોવેશનની કામગીરીના અંતે દુકાનો પણ ફાળવી દેવાશે જેથી આગામી દિવસોમાં ઘ -૫ ના ખાણીપીણી બજારની રોનક વધુ નિખરશે. ફુડકોર્ટ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાને અનુલક્ષીને પણ નવી લાઈન નાંખવામાં આવશે. અંદાજિત રૂ ૮૦ લાખના ખર્ચે કામગીરી હાથ ધરાશે. ફુડકોર્ટ વિસ્તારમાં નવી લાઈન નાંખવા સહીત પેવર બ્લોકનુ પણ કામ હાથ ધરવામાં આવશે.

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ
20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36",
20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com